
|| अक्षरम् अहं प्रगट पुरुषोत्तमस्वरूपस्य दासोस्मि ||
|| અક્ષર એવો હું, પ્રગટ પુરુષોત્તમસ્વરૂપ ગુરુહરિનો દાસ છું ||

# ॥ અક્ષર એવો હું, પ્રગટ પુરુષોત્તમસ્વરૂપ ગુરુહરિનો દાસ છું ॥

**આદિકાળથી** એવા જાગ્રત મનુષ્ય જેઓ આહાર, નિદ્રા, ભય અને મૈથુન રૂપે ચાર તળભાવમાંથી ઉપર ઊઠી, આ સમગ્ર અસ્તિત્વનો સહેજ પણ વિચાર કરે છે, ત્યારે જે અનેક પ્રશ્નો તેઓના મનમાં ઉદ્‌ભવે છે, તેમાંનો એક ધ્રુવપ્રશ્ન તે, 'હું કોણ છું... મારા અસ્તિત્વનું પ્રયોજન શું છે ?'

શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના દર્શન આવા તથા અન્ય સઘળા તાત્ત્વિક પ્રશ્નોના સ્પષ્ટ ઉત્તર તો આપે જ છે; પરંતુ, વર્તમાન દેહ અને જીવનમાં જે મનુષ્ય જ્યાં છે ત્યાં, જે પ્રવૃત્તિમાં રત છે તેમાં, પૂર્ણ આનંદના અખંડ અનુભવ પ્રાપ્ત કરવા માટે સચોટ અને વ્યાવહારિક માર્ગ પ્રશસ્ત કરે છે.

શ્રી અક્ષરપુરુષોત્તમ દર્શન મનુષ્યને પોતાના મૂળ સ્વરૂપને અક્ષરરૂપે ઓળખાવે છે. અ-ક્ષર, કહેતાં જેના ક્ષર નથી, જે સદૈવ પૂર્ણસ્વરૂપ છે! જ્યાં 'હું' અક્ષર છે, ત્યાં આ સઘળી સમષ્ટિ પણ અક્ષર છે, પૂર્ણસ્વરૂપ છે એવા ભાવ 'ઈશોપનિષદ'માં પણ "પૂર્ણમદં, પૂર્ણમિદં..." મંત્રમાં અભિવ્યક્ત થયા છે.

શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના દર્શન એક ડગલું આગળ વધી કહે છે, અક્ષર એવી પૂર્ણસ્વરૂપ આ સમષ્ટિના જે સર્વોપરી, સર્વવ્યાપી, સર્વનિયંતા પરબ્રહ્મ પુરુષોત્તમ છે, તે આ પૃથ્વી પર સદાય સાકાર અને પ્રગટ રહે છે! અક્ષર અને પુરુષોત્તમના આ ભવ્ય ઐક્યનું કેવું અદ્‌ભુત અલૌકિક દર્શન છે!

એવા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વયં અપાર કૃપા કરી આ પૃથ્વી ઉપર મનુષ્યદેહ ધારી પ્રગટ થયા, અને સદૈવ એ પરમ દિવ્ય પરબ્રહ્મ તત્ત્વના અખંડ અને સાંગોપાંગ ધારક ગુણાતીત સાધુમાં સાકાર અને સદૈવ પ્રગટ રહ્યા; આજે પણ છે, આપણને ગુરુહરિ સાહેબદાદારૂપે ઓળખાયા છે! વળી, અનેક ગુણાતીત સાધુ સ્વરૂપે એ પરબ્રહ્મ પુરુષોત્તમસ્વરૂપ સાકાર અને પ્રગટ બિરાજે છે, વિચરણ કરે છે, સૌના ભાવ ગ્રહણ કરી, સૌને અક્ષરસ્વરૂપના સાક્ષાત્કાર કરાવી, પરબ્રહ્મની અખંડ સેવાને માટે સક્ષમ બનાવી રહ્યા છે.

એવા મને મળ્યા જે ગુરુહરિ, જેઓ આ પૃથ્વી ઉપર ગુણાતીતભાવમાં મનુષ્યદેહ ધારી પ્રગટ છે, જેમનામાં પરબ્રહ્મ પુરુષોત્તમનું દિવ્ય તત્ત્વ સાંગોપાંગ સાકાર છે, અને તેથી, જેઓ પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપ છે, તેવા ગુરુરૂપ હરિનો - મારા ગુરુહરિનો હું દાસ છું.

શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના દર્શનનું આ હાર્દ છે. આ પૃથ્વી ઉપર આપણે જ્યાં છીએ ત્યાં, જે પ્રવૃત્તિમાં રત છીએ તેમાં, પૂર્ણ આનંદના અખંડ અનુભવ કરવા માટેનું આ જીવનદર્શન છે, જીવનદૃષ્ટિ છે, વ્યવહારમાં મૂકી શકાય તેવી સમજણ છે.

એક વખત આપણી પ્રાર્થના અને પ્રભુની કૃપાથી આ પૃથ્વી ઉપર પ્રગટ પરબ્રહ્મ પુરુષોત્તમ સ્વરૂપની ઓળખ થઈ, પછી જો તેઓ સાથે જીવની પ્રીતિ બંધાય, અને તેઓના વચન પ્રમાણે પ્રામાણિકપણે જીવન જીવવા જે જે પ્રયત્ન થાય, તે સઘળા આપણને સ્વયંના અને પરમના સાક્ષાત્કાર પ્રતિ એક એક ડગલું આગળ લેનારા બની રહે છે.

'હું અક્ષર છું' - કેવળ એટલો જ ભાવ અને તેના સાક્ષાત્કાર સંભવતઃ અપૂર્ણ તો છે; પરંતુ, કદાચ સૂક્ષ્મ કે મહત્ અહંકારના પોષક પણ બની શકે છે. જ્યારે, 'અક્ષર એવો હું, પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપનો <u>દાસ</u> છું' એ ભાવ અને તેના સાક્ષાત્કારમાં "હું"નો પ્રગટ પુરુષતોત્મ સ્વરૂપ પ્રતિના દાસત્વભાવમાં વિલય થઈ જાય છે. અને જે શેષ રહે છે તે છે "પૂર્ણમેવા વશિષ્યતે..." કેવળ પૂર્ણ, જે પરબ્રહ્મ પુરુષોત્તમ છે તે જ રહે છે. 'હું'ની અસ્મિતા અને અપેક્ષાઓ પણ વિલય પામે છે. અને, શેષ રહે છે તે કેવળ પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપ પ્રત્યે દાસત્વભક્તિ, જે અન્ય કંઈ જ નહીં, પરંતુ, પૂર્ણ આનંદ અને નિતાંત પ્રેમનું પ્રાગટ્ય અને સહજ વિસ્તરણ બની રહે છે.

પૂર્ણ આનંદ અને નિતાંત પ્રેમનું પ્રાગટ્ય અને સહજ વિસ્તરણ - એ જ તો છે, ગુરુહરિ પ્રગટ પુરુષોત્તમસ્વરૂપ સાહેબદાદાનું જીવન!

**।। अक्षरम् अहं प्रगट पुरुषोत्तमस्वरूपस्य दासोस्मि ।।**

~ ડૉ. મનોજ સોની ◆